**પ્રશ્ન:આપે અંગ્રેજી ભાષા શીખવવા ક્યાં પ્રયત્ન કરેલ છે?તેની ટૂંકી વિગત જણાવો.**

તારણ: શિક્ષકોએ  વિધાર્થીઓને અંગ્રેજી શીખવવા માટે નીચે મુજબની વિવિધ પ્રવૃત્તિ કરેલ છે:

- શાળામાં અંગ્રેજી સામાયિક ચાલુ કર્યા જેથી વિદ્યાર્થીઓને અંગ્રેજી વાંચન નો મહાવરો થઇ શકે.
- પ્રેઝેન્ટેશન અને વિડિયો દ્વારા અંગ્રેજીનો રોજીંદા જીવનમાં ઉપયોગ વિષે શીખવાડવામાં આવ્યું.
- પ્રાર્થનાસભા અને શાળાના સમય  દરમિયાન શિક્ષકેવિદ્યાર્થીઓ પાસેઅંગ્રેજી ભાષાનો  વધુ ઉપયોગ કરાવ્યો.
- કાર્ડ-પેપર,સ્પેલિંગ,અંતાક્ષરી રમત દ્વારાઅંગેજીવિદ્યાર્થીઓને સરળતાથીશીખવવામાં આવ્યું.
- સપ્તાહ ઉજવણી કરવામાં આવી જેમાં ફળ,  પ્રાણી, રંગ, અનેશાકભાજી વીક રાખવામાં આવ્યા.ઉ.દા. ફળસપ્તાહમાં વિદ્યાર્થીઓઅંગ્રેજીમાં ફળને લગતા ઉખાણા, ગીત, રોલપ્લે કરે અને દરેક વર્ગને પણ અલગ ફળના અંગ્રેજી નામ આપવામાં આવ્યા.
- એક શિક્ષકે હાજરી પુરાવતી વખતે વિદ્યાર્થીઓ પાસે રાજ્ય અને રાજધાનીનું નામ અંગ્રેજીમાં બોલાવે છે.
- વર્ગમાંવિદ્યાર્થીઓને  અંગ્રેજીમાં નાની-નાની વાર્તાઓ અને વર્તમાનમાં થયેલ        ઘટનાઓ શિક્ષકે સમજાવી.
- હાજરી પુરતી વખતેવિદ્યાર્થીઓને તેનો નંબર અને નામનો સ્પેલિંગ બોલવા સુચવ્યું.
- વિદ્યાર્થીઓને અંગ્રેજી ના વિડીઓ,ગીતો,જોડકણા,  અંગ્રેજીકાર્ટુન, સમાચાર    પત્રના વાંચન દ્વારા સરળતાથી અંગ્રેજી શીખવાડયું.
- વિદ્યાર્થીઓને વર્ગમાં અંગ્રેજીમાંપોતાનો પરિચય આપવા કહેવામાં આવ્યું.